કેસ સ્વીકાર્યા તારીખ :– ૨૬/૦૨/૨૦૨૬
કેસ નોંધ્યા તારીખ :– ૨૬/૦૨/૨૦૨૬
કેસ કમિટ કર્યા તારીખ :– ૧૦/૦૪/૨૦૨૬
અવધી :– વર્ષ–૦૦ માસ–૦૧ દિવસ–૧૫.

**મેંદરડાના મહેરબાન ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબની અદાલતમા, મું.મેદરડા**

**ફોજદારી કેસ નંબર :– ૨૧/૨૦૨૬**
**આંક :–૦૮**

ફરિયાદી :– શ્રી સરકાર

// વિ રૂ ધ્ધ //

આરોપીઓ :– (૧) ફીરોઝભાઈ સુલેમાનભાઈ રાનીયા,
રહે. સાસણ, પ્રાથમીક શાળાની પાચળ રામ મંદિર

(૨) શ્યામભાઈ મહેશભાઈ વસોયા,
રહે. જુનાગઢ, સરદારપરા શેરી નં.૦૧, સંકેત એપાર્ટમેન્ટ
બ્લોક નં.૩૦૨, જોષીપરા, જૂનાગઢ.

બાબત :– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૭(૩), ૩૧૭(૪), ૫૪ તથા
આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબ

---

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે.બી.ટાંક
આરોપી તરફે વિ.વકીલશ્રી આર.એમ.બલોલીયા

---

**// કમીટલ હુકમ //**

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૭(૩), ૩૧૭(૪), ૫૪ તથા આઈ.ટી. એકટ–૬૬(ડી) અન્વયે મેંદરડા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧ ૨૦૩૦૩૯૨૬૦૦૦૨/૨૦૨૬ થી ગુનો રજીસ્ટર થયેલો અને તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા અત્રેની કોર્ટમા આરોપીઓની વિરૂધ્ધનુ હાલનું ચાર્જશીટ ફોજદારી કેસ નંબર–૨૧/૨૦૨૬ થી રજીસ્ટર કરવામાં આવેલ છે.

(૨) સદરહું ચાર્જશીટ રજુ થતા આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૧

મુજબ પોલીસ પેપર્સની નકલો આપેલી અને નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓની અનુક્રમે આંક–૬ અને આંક–૭ થી પ્લી નોંધવામાં આવેલ છે. આરોપીઓને પુછતા તેઓએ ખાનગી વકીલ રોકવા માંગતા હોય જેથી ખાનગી વકીલ રોકેલ હોય સરકારી ખર્ચે વકીલની મદદ મેળવવા માંગતા નથી. આમ આ કામે સમગ્ર હકીકતો ધ્યાને લેતા સદરહુ ચાર્જશીટ રજુ થતા આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૭(૩), ૩૧૭(૪), ૫૪ તથા આઈ.ટી.એકટ–૬૬(ડી) મુજબનો ગુનો હોય અને સદરહુ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા અત્રેની કોર્ટને ન હોય અને સદરહું કેસ ચલાવવાની સતા માત્ર ને માત્ર નામદાર સેશન્સ અદાલતને હોય જેથી આ કેસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ મુજબ નામદાર સેશન્સ અદાલત જુનાગઢ તરફ કમીટ કરવાનુ વાજબી અને ન્યાયી જણાતુ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આથી એવો હુકમ કરવામા આવે છે કે ફોજદારી કેસ નંબર– ૨૧/૨૦૨૬ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ મુજબ નામદાર સેશન્સ અદાલત જુનાગઢ તરફ કમીટ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કેસ નંબર–૨૧/૨૦૨૬ નો તમામ મુદામાલ અને તમામ પ્રોસીડીંગ તેમજ સાહેદ લીસ્ટ મુદામાલ લીસ્ટ સહીત તમામ રેકર્ડ નામદાર સેશન્સ અદાલત જુનાગઢનાઓને મોકલી આપવુ.

(૩) સદરહું કેસ કમીટ કર્યા અંગેની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી જુનાગઢ નાને કરવી.

(૪) આ કામના આરોપીઓને મુદત તારીખઃ–૨૩/૦૪/૨૦૨૬ ના રોજ નામદાર સેશન્સ અદાલત, જુનાગઢ ખાતે હાજર રહેવુ.

હુકમ આજરોજ તારીખ ૧૦મી માાહે : એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મેંદરડા,
તા.૧૦/૦૪/૨૦૨૬

(કૃષ્ણ સિંહ રાઠૌર)
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા
જીજે ૦૧૬૩૮